# <u>જીંદગી જીવી જાણો</u>

કોઈની બુદ્ધિના પાંજરામાં લાગણીનું પંખી થઇ,
ટહુક્યા કરવાનું મને મંજુર નથી;
કોઈ પ્રેમને નામે મને ડંખ્યા કરે
અને ઈચ્છા મુજબ મને ઝંખ્યા કરે,
જે બોલે તે બોલવાનું ને નાગ જેમ ડોલવાનું
મને આવું અઢેલવાનું મંજુર નથી.
પોતાની આંખ હોય પોતાની પાંખ હોય,
પોતાનું આભ હોય પોતાનું ગીત હોય,
મનની માલીક હું મારે તે બીક શી?
હું તો મૌલિક છું,
હામાં, હા કહીને ઠીક ઠીક રહીને,
મને ઠીક ઠીક રહેવાનું મંજુર નથી,
માપસર બોલવાનું માપસર ચાલવાનું
માપસર પહેરવાનું માપસર પોઢવાનું, માપસર ઓઢવાનું,
માપસર હળવાનું માપસર ભળવાનું,
આવું હળવાનું ભળવાનું માપસર ઓગળવાનું
મને આવું પીગળવાનું મંજુર નથી.
કોઈની બુદ્ધિના પાંજરામાં લાગણીનું પંખી થઇ,
ટહુક્યા કરવાનું મને મંજુર નથી
લાંબી આ સફરમાં જિંદગીના ઘણા રૂપ જોયા છે.
તમે એકલા સાને રડો છો,સાથી તો અમે ખોયા છે.
આપ કહો છો આમને શું દુખ છે,આ તો સદા હસે છે.
અરે આપ શું જાણો, આ સમિતમાં કૈટલા દુખ વસે છે.
મંજીલ સુધી ના પહોચ્યા,તમે એ વાતથી દુઃખી છો.
અરે ચાલવા મળ્યો રસ્તો તમને,એટલા તો સુખી છો,
આપને છે ફરિયાદ કે, કોઈને તમારા વિષે સુજ્યું નથી.

અરે અમને તો " કેમ છો " ? એટલુંય કોઈએ પૂછ્યું નથી.
જે થયું નથી એનો અફસોસ શાને કરો છો.
આ જિંદગી જીવવા માટે છે, આમ રોજ રોજ શાને મારો છો.
આ દુનિયામાં સંપૂર્ણ સુખી તો કોઈ નથી
એક આંખ તો બતાવો મને જે ક્યારેય રોઈ નથી.
બસ એટલુજ કહેવું છે કે જીંદગીની દરેક ક્ષણ દિલથી માણો
નસીબથી મળી છે જીંદગી,તો એને જીવી જાણો

**શર્મા હિમાની એ.**
**બી.એ સેમ-૪**